# ॥ ૫ ॥

સાધુ રે સાધો નિર્ભેળ ભેખ ને, ભગવા હૃદયની સાધુ સહજતા... (૨)
આરત પળ-પળ વહેતી ઝંખે, (૨) સાહેબ કેવળ તારી પ્રસન્નતા... (૨)
સાધુ રે સાધો...

નિર્મળ મન ને વાણી પરા હો, નયનોમાં કરુણાની વહેતી નિર્ઝરા હો... (૨)
વર્તન સરળ નિર્દંભ જીવન હો, શ્વાસ-ઉચ્છ્‌વાસે હરિરટણા હો... (૨)
નિશ્ચલ હિમાલય સા નિશ્ચયે સાધુ, (૨) પાવન વહેતી ગંગાસમ સાધુ... (૨)
સાધુ રે સાધો...

સુખ-દુ:ખમાં માન-અપમાનમાં, ધીરજ ધરી સાધુ ધારે સમતા... (૨)
આશા અપેક્ષા ને દ્વન્દ્વોથી પર હો, અલમસ્ત આનંદ મૂર્તિની મૌજ હો... (૨)
ચલતા ભલા રહે નિર્બંધ સાધુ, (૨) કેવળ પ્રભુના આશરે સાધુ... (૨)
સાધુ રે સાધો...

અક્ષરરૂપ જાણી સ્વયંને, દાસત્વભાવે સવળું વિચારે... (૨)
ગમતું પ્રભુનું ને ગમતાં પ્રભુનાં, નિર્દોષ જાણે સુહૃદ સહુનાં... (૨)
સેવામાં તત્પર મહિમાએ સાધુ,(૨) ભક્તોની ભક્તિમાં રસબસ સાધુ... (૨)
સાધુ રે સાધો...

સ્વપ્ન સુષુપ્તિ ને જાગ્રત પળમાં, મનની વૃત્તિ સ્હેજે પ્રભુમાં... (૨)
ગુરુહરિની ભક્તિરૂપી હો, પગલું ત્યારે તો જ ભરાઓ... (૨)
યોગીના જશનું ગીત રે સાધુ, (૨) સાહેબજીના અનુપમ સાધુ... (૨)
સાધુ રે સાધો...

❀